DATE :- 19-02-2026
DIVYA BHASKAR, PAGE - IV, SURAT

4.4 કિમીના નેટવર્ક માટે 40 કરોડની જોગવાઈ

# મેટ્રો ટ્રેનને સારોલીથી અંત્રોલી સુધી લંબાવી બુલેટ સ્ટેશન સાથે જોડાશે

## બુલેટ ટ્રેનમાંથી ઉતરીને સીધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી શકાશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

રાજ્ય બજેટમાં સુરત મેટ્રોને બુલેટ ટ્રેન સ્ટેશન સાથે જોડવા લાઈન-2ના 4.4 કિલોમીટરના એક્સટેન્શન માટે 40 કરોડની જોગવાઈ છે. આ વિસ્તરણ સારોલીથી અંતરોલી સુધી હશે, જ્યાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ થઈ રહ્યું છે. GMRCએ આ માટે કોરિડોર-2 (ફેઝ-1) ના વિસ્તરણનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ એક્સટેન્શનનો ઉદ્દેશ મેટ્રો અને બુલેટ ટ્રેન વચ્ચે સીધી કનેક્ટિવિટી સ્થાપિત કરવાનો છે. બુલેટ ટ્રેનમાંથી ઉતરી સીધા મેટ્રોમાં સવાર થઈને શહેરના વિવિધ ભાગો સુધી પહોંચી શકાશે. આ પગલાંને મલ્ટિ-મોડલ કનેક્ટિવિટીનું મહત્વપૂર્ણ મોડેલ માનવામાં આવી રહ્યું છે.

### નવકાર ધામ, અંબાબા કોલેજ, અંતરોલીમાં સ્ટેશન બનશે

આ રૂટ પર 3 નવા મેટ્રો સ્ટેશન બનાવાશે. હાલમાં નવકાર ધામ જૈન મંદિર, અંબાબા કોમર્સ કોલેજ અને અંતરોલી હાઈ સ્પીડ રેલ સ્ટેશન નામ પ્રસ્તાવિત છે, જો કે, અંતિમ નિર્ણય કેન્દ્રની મંજૂરી બાદ લેવાશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારની મંજૂરી બાદ DPR હવે કેન્દ્રને મોકલવામાં આવ્યો છે. નાણાં મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય, નીતિ આયોગ અને રેલ મંત્રાલય સ્તરે ટેકનિકલ અને નાણાકીય પરીક્ષણ બાદ અંતિમ મંજૂરી મળશે, જેમાં સામાન્ય રીતે 6 મહિનાથી એક વર્ષ સુધીનો સમય લાગી શકે છે. હાલમાં સુરત મેટ્રો ફેઝ-1નું 90 ટકા કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે અને લક્ષ્ય 2027 સુધીમાં સંચાલન શરૂ કરવાનું છે. એક્સટેન્શનને બજેટમાં સામેલ કરવામાં આવવાથી હવે પ્રોજેક્ટને ગતિ મળે તેવી અપેક્ષા છે.

### સમય-પરિવહન ખર્ચ ઘટશે, રિયલ એસ્ટેટને પ્રોત્સાહન

મેટ્રોના 4.4 કિમી એક્સટેન્શનથી શહેરને મોટી મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી મળશે. બુલેટ ટ્રેનના અંતરોલી સ્ટેશનને મેટ્રો નેટવર્ક સાથે જોડવાથી લોકો ટ્રાફિકમાં ફસાયા વિના શહેરભરમાં જઈ શકશે, જેથી સમય અને પરિવહન ખર્ચ ઘટશે. સરોલી આસપાસ રિયલ એસ્ટેટ અને બિઝનેસને પ્રોત્સાહન મળશે. ઓગસ્ટમાં બુલેટ ટ્રેનની ટ્રાયલ શરૂ થશે, જેથી મેટ્રો સાથે બુલેટ ટ્રેન સ્ટેશન જોડવાથી મુસાફરોને બુલેટ સ્ટેશન સુધી પહોંચવામાં રાહત થશે.